# આજે ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થશે

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટે આજે ઉમેદવારી પત્ર પાછો ખેંચવાનો અંતિમ દિવસ હોઈ સોમવાર સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

જિલ્લામાં પાંચ બેઠક માટે ૯૩ ઉમેદવારોએ ૧૨૫ જેટલા ઉમેદવારી પત્રો ભરી તેમની ઉમેદવારી નોંધાવી હતી. ગઈકાલ સુધીમાં ૮ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી છે. હાલ ૬૬ ઉમેદવારો મેદાનમાં છે.

જિલ્લામાં આમ તો ત્રિકોણીય જંગ જામશે તેવા અનુમાન વચ્ચે અપક્ષ અને પ્રાદેશિક રજીસ્ટર્ડ પાર્ટીઓના ઉમેદવારો કોનુ ગણિત બગાડશે તે તો પ્રચાર અભિયાન શરૂ થયા પછી જ જાણી શકાશે. જો કે આ વખતની ચૂંટણીના પ્રચારમાં જાહેર પ્રચારને જ વધુ મહત્વ આપવામાં આવ્યુ છે. પહેલીવાર રોડ શૉ કે ગૃપ બેઠકો થકી પ્રચાર અભિયાનને અત્યારે આગળ ધરાવવામાં આવી રહ્યુ છે.

ઉમેદવારો માટે પણ રાત નાની અને વેશ જાજાની સ્થિતિમાં મુકાયેલા જોવા મળી રહ્યા છે.

જિલ્લામાં પાંચ બેઠકો પર બહુકોણીય જંગ જામશે તેમ મનાઈ રહ્યુ છે. આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચાયા બાદ અપક્ષોને મુક્ત પ્રતિકોમાંથી ચૂંટણી ચિહ્ન પણ ફાળવી દેવામાં આવશે.

## નિવૃત્ત સનદી અધિકારી ભારદ્વાજ ભાજપમાં જોડાયા



ગાંધીનગર, તા. ૨૦

નિવૃત્ત સનદી અધિકારી આનંદ મોહન ભારદ્વાજ આજે વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા છે. કમલમ કોબા ખાતે યોજાયેલ એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં તેમણે કેસરીયો ખેસ અને ટોપી ધારણ કર્યા હતા.

## જિલ્લાના રાજકારણમાં વિવાદોથી ગરમી આવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ઉમેદવારીપત્ર આજે પાછા ખેંચવાનો અંતિમ દિવસે નવા રાજકીય સમીકરણો થશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

ગાંધીનગરમાં ભાજપના ઉમેદવારનું નામ બે મતદારયાદીમાં હોવાને લઈ ઉભા થયેલા વિવાદ પછી દહેગામમાં કોંગ્રેસના ઉમેદવારે ખોટી એફિડેવિટ કરી હોઈ તેમનુ ઉમેદવારીપત્ર રદ કરવા માંગ કરવામાં આવી છે.

દરમ્યાન કોંગ્રેસમાં બે આગેવાનોએ કરેલો બળવો અને નોંધાવેલી ઉમેદવારી પછી હરકતમાં આવેલા કોંગી આગેવાનોએ બાબુસિંહ ઝાલાને મનાવી લીધા છે અને કામિનીબામાં પણ સફળતા મળશે તેવા સંકેતો કોંગ્રેસમાંથી મળી રહ્યા છે.

બીજી તરફ ૨૪મીએ નરેન્દ્ર મોદીના હાથે કામીનીબા કેસરીયો ધારણ કરે તેવી વાતોએ પણ રાજકારણમાં ગરમાવો લાવી લીધો છે.

જિલ્લાની પાંચેય બેઠકોના ઉમેદવારો સોમનાથ ગયા છે અને આજે રાત્રે તેઓ પરત ફરી રહ્યા છે. તેમનો આક્રમક પ્રચાર કાલથી તેઓ આવતીકાલ સાંજથી શરૂ કરશે તેમ જાણવા મળેલ છે.

## જિલ્લામાં મતદારોની જાગૃત્તિ માટે ૫૦ સેલ્ફી પોઈંટ ઉભા કરવામાં આવશે

**ગાંધીનગર શહેર અને ગાંધીનગર (ઉ) વિધાનસભામાં ૧૫ પોઈંટ બનાવવામાં આવશે : મતદારોની જાગૃત્તિને લઈ તંત્ર હજુ અવઢવમાં**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં મતદાર જાગૃત્તિ માટે તંત્ર દ્વારા ૫૦ જેટલા સેલ્ફી પોઈંટ પાંચેય વિધાનસભા મતવિસ્તારમાં ઉભા કરવામાં આવશે.

ગઈકાલે જિલ્લાના અધિક જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મતદાર જાગૃત્તિ અભિયાનની સમીક્ષા માટે યોજાયેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લામાં ૫૦ સેલ્ફી પોઈંટ જે બનાવવામાં આવનાર છે તેમાં ૧૫ જેટલા સેલ્ફી પોઈંટ ગાંધીનગર (ઉ) વિધાનસભામાં બનાવવામાં આવનાર છે. ખાસ કરીને જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકમાં ગાંધીનગર (ઉ) એ એકમાત્ર શહેરી વિસ્તારની બેઠક છે. જિલ્લામાં જે ૫૫ મતદાન મથકો સરેરાશ કરતાં ઓછુ મતદાન ધરાવતા છે તેમાં ૧૧ મતદાન મથકો ગાંધીનગર શહેરના છે.

ગાંધીનગર (ઉ) ઉપરાંત ગાંધીનગર (દ), કલોલ, માણસા અને દહેગામ વિધાનસભા મત વિસ્તારો છે. જિલ્લામાં ગ્રામીણ બુથો વધુ હોવાથી તંત્રએ શેરીનાટકો તેમજ અન્ય રીતો દ્વારા મતદાર જાગૃત્તિ અભિયાન વેગીલુ બનાવવાને લઈ ચર્ચાઓ કરી હતી.

મતદાર જાગૃત્તિ અભિયાન માટે જિલ્લાની શાળાઓમાં તેમજ કચેરીઓમાં રંગોળી કરવામાં આવી છે. દૂધની થેલી પર પણ મતદાન અવશ્ય કરીએ તેવા સૂત્રોનું છાપકામ કરવામાં આવ્યુ છે તેમજ ૪ લાખ જેટલા બાળકોને સંકલ્પપત્રનું વિતરણ કરવામાં આવ્યુ છે.

જિલ્લામાં હાલ ખેતીની સીઝન પૂરબહારમાં ખીલી છે તેમજ કચેરીઓમાં આવતા મુલાકાતીઓની સંખ્યામાં જે ઘટાડો નોંધાયો છે તેથી મતદાર જાગૃત્તિ માટે હવે સેલ્ફી પોઈંટ ઉભા કરવાના વિકલ્પ પર તંત્ર કામ કરી રહ્યુ છે. આ ઉપરાંત જાહેર સ્થાનો પર હોર્ડિંગ્સ લગાવવામાં આવશે એટલુ જ નહિ કચેરીઓમાં પોસ્ટર પણ લગાવવાના વિકલ્પ પર આ બેઠકમાં વિરણા થઈ હતી.

જિલ્લામાં આ વખતે મતદાન માટે મતદારનો ટ્રેન્ડ કેવો રહેશે એટલુ જ નહિ મતદાતાના ઉત્સાહને જાણવામાં તંત્રને હજુ ધારી સફળતા મળી નથી તેમજ ચૂંટણીનું વાતાવરણ પણ જોઈએ તેટલુ જામ્યુ નથી.

# જિલ્લામાં રવિ સીઝનના વાવણીમાં પાક પેટર્ન બદલાવના સંકેત

**રવિ સીઝનનું અત્યાર સુધીમાં ૨૧,૧૭૩ હેક્ટરમાં વાવેતર થયું; જિલ્લામાં સરેરાશ વાવેતર ૭૦ હજાર હેક્ટર જેટલુ થતુ હોય છે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં શિયાળાની ઠંડીનો માહોલ જામી રહ્યો છે અને રવિ સીઝનની વાવણીમાં પણ વધારો થઈ રહ્યો છે. રવિ સીઝનની વાવણીની સિઝન પુરબહારમાં ખીલી છે. રવિ સીઝનની પાક પેટર્નમાં પણ બદલાવ થવાના સંકેતો છે. જિલ્લામાં ચણા, રાઈ, શાકભાજીનું વાવેતર વધ્યુ છે.

જિલ્લામાં આ વખતે રવિસીઝનના વાવેતર વિસ્તારમાં વધારો થવાના સંકેતો પણ કેટલાક ખેડૂતો આપી રહ્યા છે. કપાસની ચોથી વીણી સંપન્ન થયા બાદ આગામી સપ્તાહમાં રવિ સીઝનની વાવણી વધશે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૧,૧૭૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે. રવિસીઝનમાં સરેરાશ ૭૦ હજાર હેક્ટરમાં વાવેતર થતુ હોય છે. જિલ્લામાં ચોમાસાના વરસાદની ગાંધીનગર અને માણસા તાલુકામાં ઘટ જરૂર રહી છે પણ ઠંડી આગામી દિવસોમાં વધશે તેવા હવામાન-પૂર્વાનુમાન પછી ખેડૂત વધુ ઉત્સાહી બન્યો છે.

જિલ્લામાં રવિ સીઝનમાં હજુ જિલ્લાનો પ્રયોગશીલ ખેડૂત નવા પ્રયોગ કરવાથી દૂર રહ્યો છે. જો કે આ વખતે ચણા, રાઈના વાવેતરમાં નવા વિક્રમો સંભવ છે તેમ ખેડૂતો કહી રહ્યા છે.

જિલ્લામાં આ વખતે ગાંધીનગર તાલુકામાં ૭૩૫૭ હેક્ટર, માણસામાં ૬૬૯૪ હેક્ટર, દહેગામમાં ૫૦૧૩ હેક્ટર તેમજ કલોલમાં ૨૧૦૯ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર ૪૯૦૭ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૪૪૨ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૩૦૧ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૯૫૭ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૩૪૮ હેક્ટરમાં, બટાકાનું વાવેતર ૪૫૭૫ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૨૫૬૫ હેક્ટરમાં તેમજ અબોલ પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૬ હજાર હેક્ટરમાં નોંધાયુ છે.

જિલામાં બટાટા અને ઘઉંનું વાવેતર ગત સપ્તાહની તુલનામાં

● અનુસંધાન પાન-૭ પર

# કમલમમાં મોદીએ કાર્યકર્તાઓ સાથે હળવા મૂડમાં ચર્ચા કરી

**ભૂપેન્દ્ર પટેલ, સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા : ગુજરાતમાં પીએમ મોદી અને અમિત શાહ ભાજપ માટે હાલ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા છે**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં પીએમ મોદી અને અમિત શાહ ભાજપ માટે હાલ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા છે. તેવા સમયે પીએમ મોદીએ આજે ચાર જનસભાને સંબોધિત કરી હતી. તેમજ બોટાદ ખાતે સભાને સંબોધિત કર્યા બાદ ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પીએમ મોદીએ કમલમમાં ચોકમાં કાર્યકરો સાથે હળવા મૂડમાં ચર્ચા કરી હતી.



ગુજરાતમાં આગામી ચૂંટણી બે તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરના રોજ તથા બીજા તબક્કાનું મતદાન ૫ ડિસેમ્બરના રોજ યોજાશે. તેમજ મતગણતરી ૮ ડિસેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત વિધાનસભા ચૂંટણી બે તબક્કામાં યોજાશે. પહેલા તબક્કામાં ૮૯ બેઠક પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેમાં કચ્છ,સૌરાષ્ટ્રના મોરબી, પોરબંદર, રાજકોટ,

● અનુસંધાન પાન-૭ પર

# અપક્ષ ઉમેદવારી કરનારા ભાજપના ૭ હોદ્દેદારો સસ્પેન્ડ

**પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા : અપક્ષમાંથી દાવેદારી નોંધાવતા પહેલા આ તમામ હોદ્દેદારોમાંથી કોઈએ ભાજપમાંથી રાજીનામું નહોતુ આપ્યું**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કાના ઉમેદવારોના નામ જ્યારે જાહેર કરવામાં આવ્યા ત્યારે કેટલાક દાવેદારી કરનારા ઉમેદવારોએ નારાજગી વ્યક્ત કરી હતી. તેમના સ્થાને ભાજપે અન્ય ઉમેદવારોને ટિકિટ આપતા નારાજગી જોવા મળી હતી. આ નારાજ કાર્યકરોમાં કેટલાક નેતાઓ હતા, કેટલાક જિલ્લા મોરચાના પ્રમુખ પણ હતા. આ તમામ નારાજ કાર્યકરોએ અપક્ષમાંથી દાવેદારી નોંધાવી હતી. અપક્ષમાંથી દાવેદારી નોંધાવતા પહેલા આ તમામમાંથી કોઈએ ભાજપમાંથી રાજીનામું નહોતુ આપ્યુ. તેવા સાત લોકોને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

સસ્પેન્ડ કરવામાં આવેલા સાત હોદ્દેદારોની વાત કરવામાં આવે તો નર્મદા જિલ્લાના નાંદોદ બેઠક પરથી હર્ષદ વસાવાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તો જુનાગઢ જિલ્લાના કેશોદ બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર અરવિંદ લાડાણીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ધ્રાંગધ્રાથી છત્રસિંહ અને પાલડીથી કેતન પટેલને પણ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રાજકોટ ગ્રામ્યથી ભરત ચાવડાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ તમામને ભાજપમાંથી રાજીનામું આપ્યા સિવાય જ અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવાને લઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ભાજપના ઘણા દિગ્ગજો ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે. જો કે આ વચ્ચે ટિકિટ ન મળતા અનેક કાર્યકરો નારાજ હતા અને વિરોધ નોંધાવી રહ્યા હતા, ત્યારે આવા કાર્યકરોને પરસોત્તમ રુપાલાએ ચેતવણી આપી છે અને સમજાવ્યુ છે કે જો તેઓ નહીં સમજે તો પક્ષ તેમના સામે કાર્યવાહી કરશે. વડોદરાના પાદરામાં ભાજપે ઉમેદવાર તરીકે ચૈતન્યસિંહ ઝાલાને મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે તેમના પ્રચાર માટે કેન્દ્રીય પ્રધાન પરસોત્તમ રૂપાલા પાદરા વિસ્તારમાં પહોંચ્યાં હતા. પ્રચાર કરવા આવેલા કેન્દ્રીય પ્રધાન પરસોત્તમ રૂપાલાએ નારાજ કાર્યકરોને ચેતવણી આપી હતી. તેમણે ગત રાત્રે પાદરાના નવાપુરામાં સભા સંબોધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે- જે પાર્ટી સાથે નહીં રહે તેને સમજાવવામાં આવશે અને નહીં માને તો તેની સામે પાર્ટી ધોરણસરની કાર્યવાહી કરશે. તેમણે કાર્યકરોને અપીલ કરતા કહ્યું કે- જનસમુદાયની ભાવનાને સમજીને પક્ષને જીતાડવા કામે લાગી જાય. મહત્વનું છે કે, પાદરા બેઠક પર ટિકિટ ન મળતાં પાર્ટીના ઘણા કાર્યકરો નારાજ હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ગાંધીનગર કલ્ચરલ ફોરમની અર્ક વ્યાખ્યાનમાળામાં

# ‘હું મને શોધું છું’ વિષય અંતર્ગત વક્તાઓના રસપ્રદ વક્તવ્યો

**જમીનની ઉપરની સપાટીએ ખોટી ચકાચૌંધ હશે, ખનીજ અને મિનરલ્સ મેળવવા હશે તો પેટાળમાં ઉતરવું પડશે : મનોજ જોશી ● આપણી જાત સુધી પહોંચવા માટે કોઈ પ્રિસ્ક્રાઈબ્ડ મેપ કામ નહીં લાગે : એષા દાદાવાળા ● આપણી ખોવાયેલી જાત આપણને નિષ્ફળતા, નિરાશા, રિજેક્શન અને હાર્ટબ્રેકના અંધારામાંથી જ જડે છે : ડૉ. નિમિત ઓઝા ● આપણી અન્યકેન્દ્રીતા એટલી બધી છે કે, ’સ્વ’ ની નજીક જવું અઘરું થતું જાય છે : કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ**












ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર કલ્ચર ફોરમ દ્વારા આજે ’અર્ક વ્યાખ્યાનમાળા’ અંતર્ગત ’હું મને શોધું છું’ - વિષય અન્વયે ગુજરાતના ચાર સિદ્ધહસ્ત મહાનુભાવોએ રસપ્રદ વક્તવ્ય આપ્યા હતા. કવિ અને ચિંતક શ્રી રાજેન્દ્ર શુક્લ, વક્તા અને અભિનેતા શ્રી મનોજ જોશી (ચાણક્ય), લેખક અને ચિંતક ડૉ. નિમિત ઓઝા, કવયિત્રી અને લેખિકા એષા દાદાવાળાએ જેવા શેરમોર અને શ્રેષ્ઠ વક્તા હોય વક્તાઓએ ’હું મને શોધું છું’- વિષય અંતર્ગત મનનીય વક્તવ્ય આપ્યા હતા. પ્રભાવના યુગમાં સ્વ-ભાવની અનુભૂતિનો અભાવ છે. મ્હોરાંઓના આ મલકમાં પોતાનો ચહેરો પણ અજાણ્યો ભાસે છે. આપણે સૌ બહિર્મુખ બનીને આખું જગત ખેડી આવ્યા છીએ પણ આજે જ્યારે દરેક વ્યક્તિને અંતરયાત્રા કરવાની ખેવના છે ત્યારે ’હું મને શોધું છું’ એ વિષય પરનું વ્યક્તવ્ય ગાંધીનગરના વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓએ મન ભરીને માણ્યું હતું.

ચાણક્યની ભૂમિકાથી ઘરે ઘરમાં જાણીતા થયેલા પદ્મશ્રી મનોજ જોશી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના અડપોદરા ગામના મૂળ વતની છે. અનેક ફિલ્મો સીરીયલ અને નાટકોમાં જાનદાર અભિનય આપીને લોકપ્રિય થયેલા પદ્મશ્રી મનોજ જોશીએ ’હું મને શોધું છું’ - વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું હતું કે, અમે કલાકારો ’સ્વ’ ની સભાનતાથી પાત્રના ’સ્વ’ને સાંભળીએ છીએ. આત્મજ્ઞાન અને આત્મભાનથી એ પાત્રને સમજીને આત્મસાત કરીને તેને પ્રસ્તુત કરવાનો પ્રમાણિક પ્રયત્ન કરીએ છીએ. શિલ્પકાર, નૃત્યકાર કે ચિત્રકાર પણ આમ જ કરે છે. કોઈપણ કાર્ય કરવામાં તલ્લીનતા જોઈએ.

તેમણે કહ્યું હતું કે, હું જ્યારે ’ચાણક્ય’ ભજવું છું ત્યારે ચાણક્યના આત્માને ઓળખવાનો પ્રયત્ન કરું છું અને એટલે જ આ નાટક ૩૨ વર્ષ થયા છતાં પણ લોકોને ગમે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ આત્મશ્લાઘા નથી. દરેક કલાકાર પોતાના પાત્રને શોધતો હોય છે. ’બ્રહ્મ લટકા કરે બ્રહ્મની આગળ’- આ ઉક્તિ ત્યારે જ તો શક્ય બને છે. ચિદાનંદ આત્માને શોધવા માટે પોતાની જાતની અંદર જ ડુબકી મારવી પડે, અંદર ડૂબવું પડે.

શ્રી મનોજ જોશી એ કહ્યું હતું કે, ઉપર ઉપર, બહારની સપાટી પર ચકાચૌંધ દેખાશે પરંતુ જમીનના પેટાળમાં જઈશું તો જ ધાતુઓ, ખનીજ, મિનરલ્સ જેવી મહામૂલી વસ્તુઓ મળશે. અંદર ડૂબીશું તો મહામૂલી વસ્તુઓ પામીશું. તેમણે આંતરરામ-આતમરામને શોધવાની વાત પર ભાર મૂક્યો હતો.

ગુજરાતી સાહિત્યમાં યોગદાન માટે યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કવયિત્રી અને લેખિકા સુરતના એષા દાદાવાળાએ ’હું મને શોધું છું’ - વકતવ્યનો શુભારંભ હળવી શૈલીમાં કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, અમારા સુરતમાં સવારે સાત-સાડા સાત વાગ્યાથી દશ વાગ્યા સુધી લોકો લોચો, ખમણ કે ફાફડા શોધવા નીકળતા હોય છે, જ્યારે ગાંધીનગરમાં તમે બધા આજે સવારે ’હું’ ને શોધવા નીકળ્યા છો. આમ તો જે નગરમાં રહેતા લોકોને આખું ગુજરાત શોધતું હોય છે, એ નગરમાં અમને બધાને તમે ’હું’ શોધવા બોલાવ્યા છે. પણ મજાની વાત એ છે કે, હજી સુધી કોઈ ’હું’ ને શોધી શક્યા નથી.

આપણે શા માટે ’હું’ ને શોધવાની જરૂર પડી? એમ કહીને એષા એ કહ્યું કે, મેં મને જ ક્યાંક આડે હાથે મૂકી દીધી છે, એટલે હવે આજે મને શોધવાની જરૂર પડી રહી છે. આપણે બધા સવારે ઊઠીએ છીએ ત્યારે સૌથી પહેલું કામ આપણી જાતને આડે હાથે બાજુ પર મુકવાનું કામ કરીએ છીએ, અને રાત્રે ઊંઘીએ છીએ ત્યારે આપણે એ ભૂલી ગયા હોઈએ છીએ કે સવારે આપણે આપણી જાતને ક્યાં મૂકી હતી. એષા દાદાવાળાએ સુરતમાં આત્મારામ ડ્રેસવાળા નામની એક દુકાન છે, તેનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, આપણે બધા દરરોજ સવારે આત્મારામ ડ્રેસવાળાને ત્યાંથી મળતા જુદા જુદા પ્રકારના ડ્રેસ પહેરીને નીકળીએ છીએ અને આપણી જાતને ક્યાંક એવી જગ્યાએ મૂકી આવીએ છીએ કે મળતા નથી. ’હું મને શોધું છું’ - એ જીવનની ખૂબ નજીકનો વિષય છે.

વ્યવસાયે યુરોલોજિસ્ટ ડોક્ટર એવા લેખક અને કોલમિસ્ટ ડૉ. નિમિત ઓઝાએ મનનો મોનોલોગ કહેતા અને અજવાળાનો ઓટોગ્રાફ આપતાં કહ્યું હતું કે, આ ઝળાહળા રોશની અને આપ સૌની ઉપસ્થિતિમાં જ્યારે હું મને શોધવાની કોશિશ કરી રહ્યો છું ત્યારે હું જાણું છું કે ખોવાયેલી જાત ક્યારેય અજવાળામાં નથી જડતી. એ નિષ્ફળતા, નિરાશા, રિજેક્શન અને હાર્ટબ્રેકના અંધારામાં જ જડે છે. જેનો મને સ્વ-અનુભવ છે.

ઝેન બુદ્ધિઝમને ટાંકીને તેમણે કહ્યું હતું કે, જે વ્યક્તિ કશુંક શોધી કાઢવાનો પ્રયત્ન કરે છે તેની પર ભરોસો કરજો, કારણ કે એ વ્યક્તિ સાચું બોલી રહી છે. પરંતુ જે વ્યક્તિ કશુંક જડી ગયાનો દાવો કરે છે એ ખોટું બોલી રહી છે, જૂઠું બોલી રહી છે. કારણ કે, એ જાત હોય કે જીવતર; જેમને ખરેખર કશુંક દુર્લભ અને અમૂલ્ય જડી જાય છે એ જડી ગયાની જાહેરાત

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com